
બાળવિજ્ઞાન પ્રસ્તુત
દૂર દુ મહાવિદેહ
K




# ત્રિમંત્ર



**નમો વીતરાગાય**
**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવઝ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**
**એસો પંચ નમુક્કારો; સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં**
**ૐ નમો ભગવતે વાસુદેવાય**
**ૐ નમઃ શિવાય**

**જય સચ્ચિદાનંદ**





પ્રકાશક:
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૯૭૯, ૨૭૫૪૦૪૦૮.
E-mail:info@dadabhagwan.org
Website: www.dadabhagwan.org
©: All Rights Reserved – Mahavideh Foundation
Address as above

મુદ્રક :
મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડીવીઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ – ૧૪. ગુજરાત, ભારત.
ફોન : (૦૭૯) ૨૭૫૪૨૯૬૪.

પ્રાપ્તિ સ્થાન :
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોક હાઈવે,
અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧.
ગુજરાત, ભારત.
E-mail:
balvignan@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org
પહેલી આવૃતિ : ૫૦૦૦ કોપી, એપ્રિલ : ૨૦૧૦
મુલ્ય : ભારત રૂ. ૩૫, ૩ USD, ૨ GBP

## સંપાદકીય

શ્રી સીમંધર સ્વામી વર્તમાને મહાવિદેહ ક્ષેત્રમાં હાજર તીર્થંકર પ્રભુ છે. પરમ પૂજ્ય દાદા ભગવાનને શ્રી સીમંધર સ્વામીની સાચી ઓળખાણ ૧૯૫૮માં આત્મજ્ઞાન લાધ્યા પછી વિશેષપણે થઈ હતી તેમજ સ્વામી સાથે અનન્ય અનુસંધાન છેક સુધી રહ્યું હતું. પરમ પૂજ્ય દાદા ભગવાનની ભાવના હતી કે આ ભરત ક્ષેત્રના જીવમાત્રને શ્રી સીમંધર સ્વામીની ઓળખાણ થાય, રાત-દિન એમની ભક્તિ કરી એમની સાથે સાંધો સંધાય અને મહાવિદેહ ક્ષેત્રે પહોંચી સ્વામીના દર્શન પામી કેવળજ્ઞાન પામી મોક્ષ પ્રાપ્ત થાય.


પ્રસ્તુત બાળવાર્તામાં કશ્મીના પાત્ર દ્વારા બાળકોને સમજાય તેવી રીતે ચિત્રોના રૂપમાં સીમંધર પ્રભુનું બાળપણ, યૌવન, વિવાહ, દીક્ષાથી લઈને કેવળજ્ઞાન સુધીના પ્રસંગો તથા તીર્થંકર ભગવંતના દેહપ્રમાણ(ઊંચાઈ), ગુણો, અતિશયો (વિશેષતાઓ), દેશના, સમોવસરણની રજૂઆત સુંદર રીતે કરવામાં આવી છે. સાથે સાથે પ્રભુ સુધી પહોંચવા શું પાત્રતા કેળવવી પડે તેની પણ પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીના માધ્યમથી પ્રાપ્ત થયેલ વાતોના આધારે નિરૂપણ થયેલ છે. વર્તમાને અરિહંત તરીકે પરમ ઉપકારી શ્રી સીમંધર સ્વામીની ઓળખાણ થકી બાળકોને પણ શ્રી સીમંધર સ્વામીનું અનેરું ખેંચાણ ઉત્પન્ન થાય એ જ અભ્યર્થના.

પ્રસ્તુત બાળવાર્તામાં વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર સ્વામી વિશે શાસ્ત્રોમાં કરેલ વર્ણન તથા પરમ પૂજ્ય દાદા ભગવાનના શ્રીમુખેથી વહેલી વાણીમાંથી સંકલન કરી બાળકોને સમજાય તેવી રીતે રજૂઆત કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં કોઈ બાબતે વિરોધાભાસ ભાસે તો તે સંકલનાની જ ખામી છે. તે માટે અમો હૃદયથી આપના ક્ષમાપ્રાર્થી છીએ.

જય સચ્ચિદાનંદ

# દૂર દુ મહાવિદેહ








૧૦ વર્ષની નાનકડી કશ્મી બાળ–વૈજ્ઞાનિક છે એને નવનવી શોધ કરવામાં બહુ રસ પડે, ખાસ તો જ્યારે એનું જાદુઈ લેપટોપ એને આઉટર સ્પેસની કોઈ માહિતી આપે ત્યારે તો એ ખુશ થઈ જાય !

એક દિવસ એના લેપટોપે એને એક નવો જ સંકેત આપ્યો અને તે મળતાંની સાથે જ એની પાસે એક સ્પેસશીપ હતી તે લઈ કશ્મી નીકળી પડી.

‘‘ઓલ ધ બેસ્ટ કશ્મી, અમારી શુભકામનાઓ તારી સાથે છે, અમને ખાતરી છે કે તારી યાત્રા સફળ થશે.’’ એની મમ્મી અને નાની બહેન રીચા એને બાય બાય કરતાં બોલ્યાં.




‘‘થેન્ક યુ મમ્મી, થેન્ક યુ રીચા, બાય... બાય.........’’ અને ઝુમમમમમમમ કરતું એનું સ્પેસશટલ થોડી જ ક્ષણોમાં આકાશના માર્ગે અંતરિક્ષની યાત્રા કરવા ઊડ્યું.



સ્પેસશીપ ઊડતાં કશ્મી ઉલ્લાસથી બોલી, વાહ ! હું શું ઝડપથી ભગાવું છું !
એટલામાં તો.... ખટર ખટર ખટર ખટ... ખટ... ખટ... થપ !!! (સ્પેસશીપ બંધ પડી ગયું.)
કશ્મી બોલી ઊઠી, ''ઓહ નો, આ સ્પીડમાં જવાના ચક્કરમાં તો સ્પેસશીપ બગડી ગયું. હવે હું શું કરું ? હા, મારું જાદુઈ લેપટોપ ક્યારે કામ આવશે, એની પાસેથી નજીકમાં મનુષ્યજાતિ ક્યાં છે તેની માહિતી પૂછી લઉં.''




કશ્મીએ તરત જ લેપટોપમાં ટાઈપ કર્યું, ''આપણે અત્યારે સ્પેસમાં ક્યાં છીએ, અહીંયા કોઈ મદદ મળશે ?''ત્યાં તો લેપટોપ ઉપર એવું આવ્યું કે, ''આપણે આપણી પૃથ્વીથી ઘણાં ઘણાં દૂર આવી ગયા છીએ. નજીકમાં મહાવિદેહ ક્ષેત્ર આવેલ છે, જ્યાં સીમંધર સ્વામી રહે છે. પરંતુ ત્યાં સ્પેસશટલ જઈ શકશે નહીં.





કશ્મીએ આશ્ચર્ય સાથે પૂછ્યું, ''મહાવિદેહ ક્ષેત્ર ! સીમંધર સ્વામી ! એ શું છે ? આ નામો તો પહેલીવાર સાંભળ્યાં છે. મને એના વિશે વધુ વિગત બતાવી શકો ?''
સ્ક્રીન પર આવ્યું ''સોરી, એના વિશેની માહિતી તો કોઈ આધ્યાત્મિક વિજ્ઞાની એટલે કે જ્ઞાની પુરુષ પાસેથી જ મળી શકે.''
ખુશ થતાં કશ્મી બોલી, ''ઓ રિઅલી ! તો પછી એવા આધ્યાત્મિક વિજ્ઞાની શોધી આપ.''



સ્ક્રીન પર આવ્યું, ''હા, હમણાં જ. ભરત ક્ષેત્રમાં પરમ પૂજ્ય દાદા ભગવાન નામના એક જ્ઞાનીપુરુષ છે. એમના થકી આપણને મહાવિદેહ ક્ષેત્ર તેમજ સીમંધર સ્વામી વિશે બધી જ માહિતી મળી શકે એમ છે. એમની સાથે વાતચીત થઈ શકે એમ છે. તારે કરવી છે ?''


આ સાંભળી કશ્મી અધીરી થઈ ગઈ. એણે તરત જ આ નામ ''પરમ પૂજ્ય દાદા ભગવાન'' ટાઈપ કર્યું અને ''દાદા ભગવાન'' લેપટોપની સ્ક્રીન પર દેખાયા.





દાદાએ પ્રેમથી જવાબ આપ્યો કે…
આપણી પૃથ્વી જેવી જ બીજી પૃથ્વી છે. મહાવિદેહ ક્ષેત્ર આપણી પૃથ્વીથી કરોડો માઈલ દૂર છે. ત્યાં વિમાન કે રોકેટથી પણ ના જઈ શકાય. ત્યાં અત્યારે જીવતા-જાગતા, હાલતા-ચાલતા સાક્ષાત્ તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામી છે.
ક્શ્મીને સીમંધર સ્વામીનું જાણવાની ઈચ્છા થઈ, એ બોલી, ‘‘દાદા, મને સીમંધર સ્વામી વિશે પહેલેથી જણાવોને ?’’




‘‘હા, હા’’ કહી, કશ્મીની દૃષ્ટિ સ્ક્રીન પર ચોંટી જ ગઈ.
દાદાએ કહ્યું, ‘‘આ જો, ભગવાનનો જન્મ થયો. જોયું, ભગવાન જન્મે ત્યારે રડતા નથી આપણી જેમ, પણ એમના ચહેરા પર કેવું મુક્ત હાસ્ય છલકાય છે !’’
કશ્મી એમનું હાસ્ય જોઈ બોલી, ‘‘વાહ, ભગવાન તો ખૂબ સુંદર દેખાય છે !’’



દાદાએ કહ્યું, ''તને ખબર છે, તીર્થંકર ભગવાન જન્મે એની પહેલાં એમની માતાને ચૌદ દિવ્ય સ્વપ્નો આવે.''
''સીમંધર સ્વામીના માતા-પિતાનું નામ શું છે ?'' કશ્મીએ પૂછ્યું.
''એમની માતાનું નામ 'સાત્યકી દેવી' અને પિતાનું નામ 'શ્રેયાંસ રાજા' છે. ભગવાનના જન્મથી ફક્ત માતા-પિતા જ નહીં, આખું રાજ્ય ખૂબ આનંદમાં હોય.''
દાદાએ જવાબ આપ્યો.



ઘણા બધા દેવોને જોઈને કશ્મીએ પૂછ્યું, ''આટલા બધા દેવો ભગવાનને તેડીને ક્યાં લઈ જાય છે ? આ બધું શું થઈ રહ્યું છે?''

દાદાએ કહ્યું, ''બધા દેવો અને ઈન્દ્રદેવ પોતે પણ ભગવાનના જન્મોત્સવને ઉલ્લાસથી ઉજવવા માટે એમને મેરુ પર્વત પર લઈ જઈ રહ્યા છે.''

''કોઈ જગ્યા નહીં ને પર્વત ?'' નવાઈ સાથે કશ્મી સ્ક્રીન પર જોતી રહી.

ઢોલ, નગારા, વાજિંત્રો, દેવદુંદુભી સાથે બધા દેવો નૃત્ય કરી રહ્યા હતા અને ઈન્દ્રદેવ પણ બાળસ્વરૂપ ભગવાનને પોતાના ખોળામાં લઈ એમને દૂધથી નવડાવતા હતા.

કશ્મીની આંખોમાં ચમક આવી ગઈ. આવી ઉજવણી એણે આજ સુધી જોઈ જ નહોતી. કશ્મીને ત્યાં જવાના ભાવ થઈ ગયા.




દાદાએ આગળ વાત કહી, ''આ જો. હવે ભગવાન તારા જેટલી ઉંમરના થયા. ભગવાન બાળરમતો રમી રહ્યા છે, એમના મિત્રો કોણ છે તને ખબર છે ?
કશ્મી માથું ધુણાવી બોલી, ''ના, નથી ખબર, કોણ છે ?''
દાદાએ જવાબ આપતા કહ્યું, ''આ બધા દેવો બાળરૂપ લઈ એમની સાથે રમવા આવ્યા છે. એમને ખરાબ સોબતથી બચાવવા.''
કશ્મી નવાઈ પામતા બોલી, ''અરે વાહ, આ તો નવી જ વાત છે ! આવું તો ક્યારેય સાંભળ્યું જ નહોતું. કાશ ! આ દેવો મારી સાથે પણ રમવા આવત.''




દાદાએ કશ્મીને વધુ માહિતી આપતા કહ્યું, ''જો, ભગવાન ગમે એટલું રમે તોય એમને થાક ન લાગે. એમને પરસેવો પણ ન થાય. જો કેટલા સ્ફૂર્તિવાળા દેખાય છે ! એમના શરીરમાંથી તો સુગંધ જ આવ્યા કરે અને તને ખબર છે, ભગવાનના લોહીનો રંગ સફેદ હોય.''

કશ્મીને વાતો સાંભળવાની મજા આવતી હતી. કશ્મી વિચારતી હતી ત્યાં જ દાદા બોલ્યા, ''તને ખબર છે તીર્થંકર ભગવાનને ભણાવવા દેવો ગુરુનું રૂપ લઈને આવે.''




કશ્મીએ કુતૂહલતાથી પૂછ્યું, ''પણ શું ભગવાનને ભણવાનું બધું યાદ રહેતું હોય ?''

દાદાએ કહ્યું, ''અરે ! ભગવાન ટૂંક સમયમાં જ બધું ભણતર પૂરું કરી નાખે. એમની સામે તો મનુષ્યના બધા જ સુપર કોમ્પ્યુટર આઉટ થઈ જાય. એમને જન્મથી જ કેટલાય પ્રકારના જ્ઞાન હોય અને ખૂબ બુદ્ધિમત્તા હોય. એમનું ચિત્ત ચોખ્ખું અને નિર્મળ હોય.''




સ્ક્રીન પર બદલાતા દૃશ્યને જોઈને કશ્મી બોલી, ''આ કોણ છે ?''

દાદાએ કહ્યું, ''હવે ભગવાન યુવાન થયા. એમનું લાવણ્ય (રૂપ) અજોડ, આકર્ષક અને તેજસ્વી હોય. એમના જેવા પરમાણુ કોઈનાયે ના હોય.''




સ્ક્રીન પર ભગવાનની ઊંચાઈ જોતા જ કશ્મીથી બોલાઈ ગયું, ''અરે બાપ રે !! ભગવાન કેટલા બધા લાંબા છે !, એમની ઊંચાઈ તો... માય ગોડ... હું તો એમની સામે કીડી જેવી દેખાઉં.''


દાદાએ કહ્યું, ''ભગવાનનું દેહ પ્રમાણ (ઊંચાઈ) ૫૦૦ ધનુષ્યનું છે, એટલે કે ૩૦૦૦ ફૂટથી વધુ હોય, ૧૦૦ ફૂટનું તો ફક્ત એમનું નાક છે.''



ઊજવણીનું દૃશ્ય જોઈ કશ્મીએ પૂછ્યું, ''ઓહ ! આ શું થઈ રહ્યું છે ?''
''ભગવાનના લગન થાય છે, રૂક્ષ્મણીદેવી નામની એક રાજકુમારી સાથે.'' દાદાએ જણાવ્યું.




બીજું દૃશ્ય જોતા જ કશ્મીએ ધીમા અવાજથી પૂછ્યું, ''આ બધા કોણ છે ? ભગવાન પાસે શા માટે આવ્યા છે ?''
દાદાએ કહ્યું, ''દેવો લોકોના કલ્યાણ માટે, સ્વામીને દીક્ષા (સાધુ જીવનમાં પ્રવેશ કરવા માટે) લેવા માટે વિનંતી કરવા આવ્યા છે.''




કશ્મીએ તરત પૂછ્યું, ''દેવોએ કહ્યું અને ભગવાન દીક્ષા લઈ ચાલી નીકળ્યા ? એમને આટલું બધું સુખ છોડતાં એક મિનિટનોય વિચાર ના આવ્યો ? ભગવાન તો ગજબના છે !''

દાદાએ કશ્મીને કરુણાથી જવાબ આપતા કહ્યું કે, ''આત્માના સુખની સામે આ રાજમહેલનું સુખ કંઈ જ ન કહેવાય. માટે જ તો છોડી દે છે. હજી એક સરસ વાત એ છે કે ભગવાન દીક્ષા લેતા પહેલા એક વર્ષ સતત પોતાના હસ્તે દાન આપે જેને વર્ષીદાન કહેવાય.''



ફરી નાચ-ગાન, ઢોલ, નગારાં, વાજિંત્રો, દેવદુંદુભી જોઈ કશ્મીને લાગ્યું કે ફરી કોઈ ભગવાનનો જન્મ થયો લાગે છે. ત્યાં તો દાદા જ બોલ્યા, ''આ તો તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.''



આ સાંભળી કશ્મી થોડીવાર તો વિચારમાં પડી ગઈ. પછી તેનાથી રહેવાયું નહીં. એણે પૂછ્યું, ''કેવળજ્ઞાન એટલે ?''
દાદાએ કહ્યું, ''કેવળજ્ઞાન એટલે આખા બ્રહ્માંડને જોઈ શકે, સમજી શકે, જાણી શકે અને પોતે અનંત સમાધિમાં, આત્મસુખમાં જ નિરંતર રહે, અત્યારે તું એમના વિશે જાણી રહી છે તે ભગવાન જોઈ શકે.''

''અચ્છા ! તો તો ભગવાન મારા પર રાજી થતા હશે ને ?'' કશ્મીએ ખુશ થતાં પૂછ્યું,


દાદાએ સમજાવતા કહ્યું, ''ભગવાન કોઈના પર રાજી કે કોઈના પર નારાજ ન થાય. એમનો પ્રેમ બધા પર કાયમ એક સરખો જ હોય ! ભગવાન વીતરાગ હોય.''

કશ્મી આશ્ચર્ય સાથે બોલી, ''એમ !''

દાદાએ કહ્યું, ''જ્યારે ભગવાનને કેવળજ્ઞાન થાય ત્યારે દેવો ચંદન અને ફૂલોની વર્ષા કરે. બધા લોકો જીવતા ભગવાનના દર્શન કરવા જાય.''









કશ્મીએ જીજ્ઞાસાપૂર્વક પૂછ્યું, ''કેવળજ્ઞાન થયા પછી ભગવાન શું કરે ?''

દાદાએ જવાબ આપતા કહ્યું, ''કેવળજ્ઞાન થયા પછી દેવો સમોવસરણની રચના કરે. સમોવસરણમાં ત્રણ ગઢ હોય. દરેક ગઢમાં ચાર દરવાજા હોય.


– પહેલો ગઢ ચાંદીનો હોય જેમાં વાહનો, અશ્વો રાખવાની વ્યવસ્થા હોય.


– બીજો ગઢ સોનાનો હોય. એમાં પશુ–પ્રાણીઓ હોય.

– ત્રીજો ગઢ રત્નનો હોય. એમાં સાધુ, સાધ્વી, ગણધરો, રાજા–મહારાજાઓ, દેવ–દેવીઓ, મનુષ્યો બધા બેસે. મધ્યમાં અશોકવૃક્ષ હોય. ભગવાનની પાછળ ભાવમંડળ અને ઉપર ત્રણ છત્રો હોય. ભગવાનનું મુખ પૂર્વ દિશામાં હોય અને દેવો બાકીની ત્રણ બાજુ એમનું પ્રતિબિંબ રચે એટલે દરેક બાજુ ભગવાનનું મુખ દેખાય. કોઈને પીઠ ના દેખાય. આને ચૌમુખી અવસ્થા કહેવાય. સિંહાસન પર બિરાજીને ભગવાન દેશના આપે. ભગવાનની વાણીને દેશના કહેવાય, જે નિરંતર લોકોના આત્મકલ્યાણ માટે નીકળે.''

દાદાએ શાંતિથી આગળ કહ્યું, ‘‘આ જો ભગવાનની દેશના સાંભળવા વાઘ, સસલું, સિંહ, બકરી બધાં જ પ્રાણીઓ પોતાના હિંસકભાવ, ભયભાવ, વેર-ઝેર બધું ભૂલીને બાજુ-બાજુમાં બેઠા છે. અને ખૂબીની વાત તો એ છે કે ત્યાં બેઠાં કોઇને ભૂખ, તરસ, થાક ના લાગે, બધું શાંત થઈ જાય.

કશ્મીને બધા પ્રાણીઓને સાથે જોઇને પ્રશ્ન થયો કે, ‘‘ભગવાનની વાણી બધા પ્રાણીઓ કેવી રીતે સમજી શકે ?’’ દાદાએ હસીને કહ્યું, ‘‘હા, તારો પ્રશ્ન સારો છે. તારી વાત તો ખરી છે. ભગવાનની વાણી અદ્‌ભૂત હોય. દરેક જીવો પોત પોતાની ભાષામાં સમજી જાય. કોઇને દુ:ખ ન થાય એવી હોય.’’








દાદાએ કશ્મીને કહ્યું, ‘‘હવે તને આશ્ચર્ય સાથે આનંદ થાય એવાં અદ્ભૂત દૃશ્યો બતાવું.
- વૃક્ષો નમીને છાંયો આપે, કાંટા આપમેળે ઊંધા થઈ જાય જેથી ભગવાનને વાગે નહીં.
- ભગવાન જ્યાં પગ મૂકે ત્યાં કમળ હાજર થઈને એમના પગનું રક્ષણ કરે.
- દેવ-દેવીઓ ચામરથી હવા નાખે.




કશ્મી આ બધું એકીટશે જોઇ રહી. એને મનમાં થયું કે તીર્થંકર ભગવાન આવા અદ્‌ભુત હોય !




ભગવાનની અદ્‌ભુતતા જોઈ કશ્મીને પ્રશ્ન થયો, ''ભગવાન સીમંધર સ્વામી તીર્થંકર કેવી રીતે થયા ?
દાદાએ કહ્યું, ''જેઓ ઘણા જન્મોથી કેવળ લોકોના કલ્યાણ માટે નિરંતર ભાવના કરતા હોય, કેમ કરીને બીજાને સુખ-શાંતિ થાય, આત્માનું કલ્યાણ થાય, લોકો મોક્ષને પામે એવી ભાવનાવાળા બધા જ તીર્થંકર થઈ શકે.''
જવાબ સાંભળી કશ્મીને ખૂબ આનંદ થયો, 'કેવી સુંદર ભાવના છે !''






ખૂબ ભાવથી કશ્મીએ પૂછ્યું, ''મને એમની પાસે જવું છે. એમનાં દર્શન કરવાં છે. મારાથી ત્યાં જવાય ?''

''ના, આ દેહે ત્યાં ન જવાય. ત્યાં જવા માટે તો ત્યાં જન્મ લેવો પડે.'' દાદાએ લાગણીથી જવાબ આપ્યો.

કશ્મીએ નમ્રતાથી તુરંત જ પૂછ્યું, ''મારે ત્યાં જન્મ લેવો હોય તો શું કરવાનું ?''




દાદાએ સમજાવતા કહ્યું, ''તારે બધા સાથે પ્રેમથી રહેવાનું, કોઈને દુઃખ નહીં આપવાનું. અરે, દુઃખ આપવાનો ભાવ પણ નહીં કરવાનો. અને જો તારાથી દુઃખ દેવાય જાય તો તરત માફી માંગી લેવાની. તો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ થાય. હા, અને સાથે સાથે સીમંધર સ્વામીની ભક્તિ કરવાની અને તે ક્ષેત્રના મનુષ્ય થવાની પાત્રતા માંગવી.''




દાદાએ કહ્યું, ''તારે રોજ એમને પ્રાર્થના કરવી 'હે ભગવાન, મારો આવતો ભવ આપના ચરણમાં અને શરણમાં જ હોજો. અમને આપના જેવા બનાવજો અને મોક્ષે લઈ જજો.' કરીશને ?''


કશ્મી પ્રાર્થના સાંભળી ગદ્‌ગદ્ થઈ ગઈ. એની આંખો હર્ષથી છલકાઈ ગઈ. એણે કહ્યું, ''હા, ચોક્કસ કરીશ.''




‘‘ભરતક્ષેત્રમાં અમદાવાદ પાસે અડાલજમાં ત્રિમંદિર છે. જ્યાં સાક્ષાત્ સીમંધર સ્વામી ભગવાનની દિવ્ય ચેતના ઉતરેલી છે.’’ દાદાએ કહ્યું.

‘‘પણ મારી સ્પેસશીપ તો બંધ થઈ ગઈ છે, હવે...’’ કશ્મી વિચારવા લાગી.

ત્યાં તો સ્પેસશીપમાં ખટ ખટ ખટ... અવાજ આવ્યો અને જોયું તો ગ્રીન લાઈટ દેખાઈ. સ્પેસશીપ ચાલુ થઈ ગઈ અને ઉડવા લાગી. એ તો આનંદમાં જ આવી ગઈ.




સીમંધર સ્વામીની મૂર્તિ જોઈ કશ્મીએ દાદા ભગવાનનો મનમાં આભાર વ્યક્ત કર્યો. અને પ્રાર્થના કરી કે, **'હે ભગવાન ! મારો આવતો ભવ આપના ચરણમાં અને શરણમાં જ હોજો. મને આપના જેવી બનાવજો અને મોક્ષે લઈ જજો.'**

## તમારા સ્ટડી ટેબલ માટે



# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ

## એક્ટિવિટી બુક



## મન્થલી મેગેઝીન




## સ્ટોરી બુક




## પિક્ચર બુક




## V.C.D./D.V.D.



## ગેમ્સ







**kids.dadabhagwan.org**




Printed By : Mahavideh Foundation (079)27542964,27540216